EDII

Navgujarat Samay

July 1, 2018

Pg.4

EDIIના 19મા વાર્ષિક પદવીદાન સમારોહમાં 87 વિદ્યાર્થીને ડિપ્લોમા પદવી એનાયત

# જેટલું ડાઉનલોડ કરો એટલું જ જ્ઞાન અપલોડ કરો ને લોકોને વહેંચોઃ પ્રો. ગુપ્તા








## પદવીદાન સમારોહ...

આન્ત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII) નો 19મો વાર્ષિક પદવીદાન સમારોહ શનિવારે યોજાયો હતો. આ પ્રસંગે 87 વિદ્યાર્થીને ડિપ્લોમા પદવી એનાયત થઇ હતી.

નવગુજરાત સમય

## વિદ્યાર્થીઓને આ મેડલ્સ એનાયત થયા

**ડાહ્યાભાઇ છોટાલાલ ચેરિટી ફાઉન્ડેશન (રેમિક): ન્યૂ એન્ટરપ્રાઇઝ ક્રિએશન**

ગોલ્ડ મેડલઃ દિપેશ ગાંધી

સિલ્વર મેડલઃ વિશ્વા પટેલ

**ફેમિલિ બિઝનેસ મેનેજમેન્ટ**

ગોલ્ડ મેડલઃ સિદ્ધાર્થ ભાટ

સિલ્વર મેડલઃ શિતિઝા જૈન

**ઇડીઆઇઆઇઃ સ્કોલેસ્ટિક પર્ફોર્મન્સ ઇન ડેવલપમેન્ટ સ્ટડિઝ**

ગોલ્ડ મેડલઃ શ્રૃતિ સુરેન્દ્રન

સિલ્વર મેડલઃ નિકિતા પટેલ

**પ્રેસિડેન્ટ એલ્યુમ્ની એવોર્ડ**

મિતુલ શાહ, સુમિત ગ્રોવર

**નવગુજરાત સમય > અમદાવાદ**

આન્ત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII) નો 19મો વાર્ષિક પદવીદાન સમારોહ શનિવારે યોજાયો હતો. આ પ્રસંગે 87 વિદ્યાર્થીને ડિપ્લોમા પદવી એનાયત થઇ હતી. જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઇન બિઝનેસ આન્ત્રપ્રિન્યોરશીપ (પીજીડીએમ-બીઇ)માં 70 વિદ્યાર્થી, 16 વિદ્યાર્થીને ડિપ્લોમા તથા ફેલો પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટમાં 1 વિદ્યાર્થીને ડિપ્લોમા પદવી એનાયત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલાં હની બી, સૃષ્ટિ અને જીઆઇએએનના સ્થાપક પદ્મશ્રી પ્રો. અનિલ ગુપ્તાએ સામાજિક પરિકલ્પનાને બદલવા માટે નવા ઇકો-પ્રિન્યોરલ અભિગમ વિશે વાત કરતાં કહ્યું કે, આજે આપણે સૌથી મોટા ડેટા કન્ઝ્યુમર થઇ ગયા છીએ. આપણે દિવસમાં જેટલી માહિતી ડાઉનલોડ કરીએ છીએ એટલી માહિતી અપલોડ કરવી જોઇએ, આપણે દિવસમાં સોશિયલ મીડિયા પર કેટલી વણજોઇતી બાબતો શેર કરતા હોઇએ છીએ એના કરતાં આપણી પાસે જે બાબતનું જ્ઞાન છે એને અપલોડ કરતાં થઇએ.

સામાજિક સમાવેશીકરણ બાબતે વાત કરતાં તેમણે વિદ્યાર્થીઓને હૈદ્રાબાદમાં મિલિંગ કામલેની મદદથી સફાઇ કામદારોને થયેલી મદદની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, આવા અનેક લોકોના પ્રયત્નો અને મહેનતના કારણે કોઇ પણ વેપાર કે સામાજિક આર્થિક પહેલ સફળ થઇ શકે છે, તેથી વંચિતોની અવગણના કરવાને બદલે તેમના કામને સરાહો, તેમને સ્વીકારો અને તેમને પુરતુ સન્માન આપો. એવું વ્યાપક બિઝનેસ મોડેલ તૈયાર કરો, જેમાં સર્વસમાવિષ્ટ હોય. પ્રો. ગુપ્તાએ જણાવ્યું કે, ટૂંકા ગાળાની સફળતાને ધ્યાનમાં રાખીને બિઝનેસ શરૂ ન કરો, સમાજનો લાંબા ગાળાનો ફાયદો જોઇને કોઇ પણ બિઝનેસ પર કામ શરૂ કરો.

આ પ્રસંગે હાજર રહેલાં દલિત ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સ્થાપક ચેરમેન, ઇડીઆઇઆઇ ગવર્નિંગ બોડીના સભ્ય મિલિંદ કુમ્બલેએ જણાવ્યું હતું કે સાનુકૂળ માહોલ, સરકારી અને સંસ્થાકીય સેટઅપને પરિણામે દેશમાં ઉદ્યોગ સાહસિકતાના જુસ્સા સાથે ભારત મહત્ત્વપૂર્ણ સમયમાંથી પસાર થઇ રહ્યો છે ત્યારે નવી તકો અને માર્કેટ્સ હાંસલ કરવા, નેટવર્કિંગ, ભંડોળના વિકલ્પો શોધવા અને પ્રોડક્શન સંબંધિત પરિબળોની એકરૂપતાથી જ શ્રેષ્ઠ બની શકાશે. ઇડીઆઇઆઇના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ વર્ષ દરમિયાન સંસ્થાની મુખ્ય ઉપલબ્ધિઓ પણ જણાવી હતી.